**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૨/૬/૨૦૧૫ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૬/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૫ લીટર દેશી દારૂ, ૩૬૮ બોટલ ઇગ્લીશ દારૂ, ૪૩૬ બિયરટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધાર હેઠળ ૭ વ્યક્તિઓને ઝડપી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોક્ડ રૂપિયા ૨૮,૭૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૬૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૮/૧૫</u>**

**રામોલ :** રીધ્ધીબહેન મુકેશભાઇ પંચાલ (ઉ.વ.૧૭)(રહે.ભવાની પાર્ક સોસાયટી, રતનપુરા ગામ સામે, વસ્ત્રાલ, રામોલ) ને તા.૨૦/૬/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે આરોપી રાકેશભાઇ તુલસીભાઇ નિલગર(રહે.હુડકો વસાહત, કઠવાડા નિકોલ) ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રિધ્ધીબહેનનાં પિતા મુકેશભાઇ પંચાલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.પી.વસુનીયા ચલાવે છે.

**<u>અપહરણ/બળાત્કાર :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૬૯/૧૫</u>**

**સરદારનગર :-** સરદારનગર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની તરૂણીની માતાએ તા.૨૧/૬/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૬/૧૫ રાતનાં ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના પુત્રીને ઘર નજીકથી આરોપી રોહીત ગોપાલજી ઠાકોર (રહે.અંજની સોસાયટી, જનતાનગર પાસે, ચાંદખેડા) અપહરણ કરી લઇ જઇ, તેણીની મરજી વિરૂધ્ધ, બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વિશ્વાસઘાત અને છેતરપીંડીની ફરીયાદ:-** **સમાચાર યાદી નં.૧૨૭૦/૧૫**

**કાલુપુર :** મુકેશભાઇ મુન્નાભાઇ તુલસ્યાણી (રહે.સર્જન બંગ્લોઝ, કેનાલ પાસે, પાર્શ્વનાથ ટાઉનશીપ કૃષ્ણનગર, નરોડા) એ તા.૨૧/૬/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧/૧૫ થી તા.૨૬/૨/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી કિશોરભાઇ શંકરલાલ ગુરનાની (રહે. લવલી પાન હાઉસની ઉપર, ભીલવાસ ચાર રસ્તા, આંબાવાડી, સરદારનગર)નાએ કાલુપુર પાંચકુવા ખાતે અંજના ચેમ્બર્સનાં ગ્રાઉન્ડ ફ્લોર ખાતે આવેલ રાધાસ્વામી ટ્રેડર્સમાંથી તેમજ સાહેદો પાસેથી અલગ-અલગ સમયે પંજાબી ડ્રેસ તેમજ કાપડનો માલ કુલ કિંમત રૂપિયા ૩૧,૧૭,૯૭૦/- નો ખરીદ કરી, તે પેટે આપવાનાં થતાં નાણાં નહીં ચુકવી, મુકેશભાઇ તથા સાહેદો સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ શ્રી આર.ડી.મકવાણા ચલાવે છે.

**બળજબરીથી રૂપિયા કઢાવી લીધા :-** **સમાચાર યાદી નં.૧૨૭૧/૧૫**

**ચાંદખેડા :** અજયકુમાર સંતોષીલાલ જૈન (ઉ.વ.૨૫)(રહે.ગ્રાઉન્ડ ફ્લોર, રેડ રોઝ સોસાયટી, જનતાનગર ચાંદખેડા) એ તા.૨૧/૬/૧૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૫/૧૫ નાં કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે ચાંદખેડા કાન્હા રેસ્ટોરન્ટ નજીક આરોપી રાજુ બાબુજી ઠાકોર(રહે.ઠાકોરવાસ, અચેર, સાબરમતી) સાથે વાહન અકસ્માત થયેલ હતો જે બનાવ સબંધે આરોપી રાજુ ઠાકોરે અજયકુમારને અકસ્માતનાં ખોટા કેસમાં ફસાવી દેવાનું કહી, અજયકુમાર પાસેથી ટુકડે–ટુકડે કુલ રૂપિયા ૧,૫૦,૦૦૦/- કઢાવી લીધા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.દવે ચલાવે છે

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૨૭૨/૧૫**

**આનંદનગર :** દક્ષેશભાઇ મંગળલાલ શાહ (રહે.આનંદ ફ્લેટ ૧૦૦ ફુટ રોડ, આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૬/૧૫ રાતનાં ૯/૧૫ થી તા.૨૧/૬/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન આનંદનગર વ્રજવિહાર-૫ માં આવેલ કેપટાઉન નામની પોતાની દુકાનનાં દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, જીન્સનાં પેન્ટ, શર્ટ, હેડફોન અને ડીઓ મળી કુલ કિંમત રૂપિયા ૩,૬૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.વી.જાડેજા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૨૭૩/૧૫**

**સોલા હાઇકોર્ટ :** જીવરાજભાઇ ચેહરભાઇ રબારી (ઉ.વ.૩૫)(રહે,ગોતા વસંતનગર, ટાઉનશીપ ગોતા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૬/૧૫ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે ગોતાથી ભાગવત જતાં વિવાહ પાર્ટી પ્લોટ સામેથી જીવરાજભાઇનાં પિતા ચેહરભાઇ રસ્તો ક્રોસ કરતાં હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે ચેહરભાઇને ટક્કર મારતાં, તેમને શરીરે ગંભીર ઇજાઓ થતાં ચેહરભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દેવેન્દ્રભાઇ રામાભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૨૭૪/૧૫</u>

**એલીસબ્રીજ :** સમુબહેન મનજીભાઇ મકવાણા (ઉ.વ.૬૨)(રહે.સુખીપુરાનાં છાપરાં, હિરાબાગ ક્રોસીંગ, મુક્તા ફ્લેટની સામે, આંબાવાડી) એ તા.૨૦/૬/૧૫ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ અગમ્ય કારણોસર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૧૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.ડી.વસાવા ચલાવે છે.

**શહેરકોટડા :** તુષારભાઇ લલ્લુભાઇ સોલંકી (ઉ.વ.૪૦)(રહે.જલકમલપાર્ક સોસાયટી, પંચવટી એસ્ટેટ સામે, જી.ડી.હાઇસ્કુલ રોડ, સૈજપુર બોઘા) એ કોઇ કારણસર તા.૨૧/૬/૧૫ ના કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી જયપાલસિંહ વિજયસિંહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ (ઇસ્ટ) : (૧)** તા.૨૧/૬/૧૫ સવારનાં ૯/૩૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે શાહીબાગ ડફનાળા રીવરફ્રન્ટ ખાતે નદીમાં ડુબી જઇ મરણ ગયેલ એક અજાણ્યા (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) પુરૂષની લાશ રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસને મળી આવતાં, આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ અળખાભાઈ ચલાવે છે.

**(૨)** રવીભાઈ ખેંગારભાઈ દંતાણી (ઉ.વ.૩૫)(રહે.ઓડનો ટેકરો, જુના વાડજ બસ સ્ટેન્ડની પાસે, જુના વાડજ) એ કોઇ કારણસર તા.૨૧/૬/૧૫ બપોરનાં ૨/૫૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે દધીચીબ્રીજ નીચે, રીવરફ્રન્ટ ખાતે સાબરમતી નદીમાં ડુબી જઇ મરણ ગયેલ. જેઓની લાશ રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસને મળી આવતાં, આ અંગે રીવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ અળખાભાઈ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)